RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 107, Dt.15-07-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દ.ગુજરાતમાં મેઘ તાંડવથી તબાહી સર્જાઈ



## સુરતના ઉમરપાડામાં આભ ફાટ્યું, બે કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારઃ નદી-નાળા છલોછલઃ ગુજરાતમાં એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય થતાં આજથી ૨૦ જુલાઈ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત માથે એક સાથે ત્રણ ત્રણ સિસ્ટમ સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ૨૦ જુલાઈ સુધી અલગ અલગ વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સુરતના ઉમરપાડામાં આભ ફાટ્યુ હતું. આજે બે કલાકમાં જ ધોધમાર ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. જ્યારે ભરૂચના નેત્રંગમાં ધોધમાર ૫ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ધાણીખૂંટ ધોધનું રૌદ્રસ્વરૂપ જોવા મળ્યું હતું. બીજી તરફ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે.

નેત્રંગ તાલુકાના મોરિયાણા ગામનો યુવાન કુદરતી હાજતે ગયો હતો, જેને અમરાવતી નદીમાં ઘોડાપૂર આવતા આ યુવાન ફસાઈ ગયો હતો. જેથી યુવાન જીવ બચાવવા માટે તાડના ઝાડ ઉપર ચડી ગયો હતો. જીવ બચાવવા યુવાન અડધો કલાક સુધી ઝાડ પર લટકતો રહ્યો હતો. જે બાદ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી યુવાનને બચાવી લેવાયો હતો.


ભારે બફારા અને ઉકળાટ વચ્ચે નડિયાદમાં સોમવારે બપોરે વરસાદની શરૂઆત થઈ છે. આકાશ કાળા ડિંબાગ વાદળોથી ઘેરાયું હતું. જે બાદ વરસાદ પડતા સમગ્ર વાતાવરણમાં થોડા સમય માટે ઠંડક પ્રસરી ગઈ હતી. નડિયાદમાં વરસાદ પડતાની સાથે જ કેટલાક વિસ્તારોમાં વિજળી ડુલ થઈ ગઈ હતી.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલએ વધુ એક આગાહી કરી છે. આગામી ૪૮ કલાક દક્ષિણ ગુજરાત માટે પભારેથ છે. દક્ષિણ ગુજરાત સહિતમાં ધોધમાર વરસાદ ખાબકશે જેથી પુર જેવી પરસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. બીજી તરફ અમદાવાદના લાંભા, નારોલ, સરખેજ, બાવળા સહિતના વિસ્તારોમાં પણ ભારેથી અતી ભારે વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના ભાવનગર, રાજકોટ, ધાંગધ્રા, બોટાદ, હળવદ તેમજ સુરેન્દ્રનગર, થાન, જસદણ, ચોટીલા, લીંબડીમાં પણ ભારે વરસાદની શક્યતા રહેલી છે.ભારે ઉકળાટ બાદ ગાંધીનગર શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. શરૂઆતમાં ભારે પવનના કારણે શહેરના સેક્ટર ૭માં વીજળી ગુલ થઈ ગઈ હતી. જોકે, પવનનું જોર ઘટતા વીજળી પુનઃ શરૂ છે. જ્યારે મેઘરાજા મન મૂકીને હેત વરસાવી રહ્યા છે.અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદના સાબરમતી, ચાંદખેડા, પાલડી, ઈન્કમટેક્સ સહિતના વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે.

## માસિક ખર્ચ બાબતે ગરીબ અને ધનિક વચ્ચેનું અંતર ૧૦ ગણું વધ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વધતા શહેરીકરણ છતાં ગામ અને શહેર વચ્ચેની ખાઈ ઘટવાનું નામ લેતી નથી. જો માથાદીઠ માસિક ખર્ચને આધાર તરીકે લેવામાં આવે તો શહેર અને ગામ વચ્ચેની અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ હજુ પણ ઘણી વિશાળ છે. આંકડા દર્શાવે છે કે ગામડાઓ અને શહેરોમાં, સૌથી નીચેના લોકો ઉપરના લોકો કરતા સાતથી દસ ગણો વધુ ખોરાક પર ખર્ચ કરે છે.



આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના ડેટા અનુસાર, માથાદીઠ માસિક વપરાશ ખર્ચ ગામડાઓમાં રૂ. ૩,૭૭૩ અને શહેરોમાં રૂ. ૬,૪૫૯ છે. આ ખર્ચ ગામડાં કરતાં શહેરોમાં ૭૧ ટકા વધુ છે. આ ચિત્ર રાષ્ટ્રીય સ્તરે ઊભરી આવે છે. તમને જણાવી દઈએ કે ૨૦૧૧-૧૨માં કરવામાં આવેલા આવા જ સર્વેમાં ગામ અને શહેર વચ્ચે ગ્રાહકનું અંતર ૮૪ ટકા નોંધાયું હતું.

આમાં ચોક્કસપણે થોડો ઘટાડો થયો છે, પરંતુ ૭૧ ટકાનો તફાવત હજુ પણ ઘણો મોટો છે. નિષ્ણાતો કહે છે કે આવકમાં તફાવતને કારણે આ વિસંગતતા ઊભી થઈ છે. આ એ પણ દર્શાવે છે કે નીચલા વર્ગની આવક, પછી તે શહેર હોય કે ગામ, અપેક્ષા મુજબ વધી રહી નથી, જેના કારણે તેમનો વપરાશ ખર્ચ પણ ઓછો છે.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે પર સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં છ લોકોના મોતઃ ૮થી વધુ ઘાયલ


### ટ્રકનું ટાયર ફાટતા ખાનગી બસ સાથે અથડાયોઃ બસ ડીવાઈડર પર બેઠેલાં લોકો પર ફરી વળી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજયમાં પ્રાણઘાતક અકસ્માતોની હારમાળા હોય તેમ આજે અમદાવાદ-વડોદરા એકસપ્રેસ વે પર સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં છ લોકોના મૃત્યુ નિપજયા હતા. જયારે અન્ય આઠથી વધુ લોકો ઘાયલ થયા હતા.

આ ગોઝારા અકસ્માતની પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે અમદાવાદ-વડોદરા એકસપ્રેસ વે પર ખાનગી લકઝરી બસ સાઈડમાં ઉભી હતી ત્યારે પાછળથી આવેલા ટ્રકે ટકકર મારતા બસ ફંગોળાઈ હતી અને રોડ પર ડીવાઈડર પર બેઠેલા લોકો પર ફરી વળી હતી.





જેમાં બસ હેઠળ કચડાઈ જતા છ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજયા હતા ત્યારે અન્ય આઠ લોકો ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દુર્ઘટનાને પગલે એકસપ્રેસ હાઈવે મોતની ચીચીયારીઓથી ગુંજી ઉઠયો હતો.

આ ઘટનાની જાણ થતા પોલીસ, એમ્બ્યુલન્સ સહિતનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ટ્રાફિક જામ થઈ જતા વાહનવ્યવહાર પણ પુર્વવત કરાવવામાં આવ્યો હતો.

પ્રાથમીક તપાસમાં એવું બહાર આવ્યું છે કે આણંદ નજીક સર્જાયેલા આ અકસ્માતમાં ખાનગી બસને ટકકર મારનાર ટ્રકનું ટાયર ફાટયું હતું જેને કારણે ચાલકે કાબુ ગુમાવ્યો હતો અને ટ્રક બસ સાથે અથડાઈ પડ્યો હતો.

## પેટા ચૂંટણીમાં મળેલ જીતથી બજેટ સત્રમાં ઈન્ડિયા ગઠબંધન વધુ આક્રમક બનશે

### બજેટ સત્રમાં સરકાર અને વિપક્ષ વચ્ચે ફરી ટકરાવના એંધાણઃ આમજન સાથે જોડાયેલાં મુદ્દાઓને લઈ સરકારને ઘેરશે વિપક્ષ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા બાદ ૭ રાજયોની ૧૩ વિધાનસભા સીટ પર થયેલી પેટા ચૂંટણીના પરિણામોની અસર બજેટ સત્રમાં જોવા મળશે. આ જીતથી ઉત્સાહિત ઈન્ડિયા ગઠબંધન આમ જન સાથે જોડાયેલા મુદ્દા પર સરકારને વધુ તાકાતથી ઘેરવાની કોશિષ કરશે, આ સ્થિતિમાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે ટકરાવ વધી શકે છે.



ઈન્ડિયા ગઠબંધન ૧૮મી લોકસભાના પ્રથમ સંસદ સત્રમાં સરકારને મજબૂત વિપક્ષનો અનુભવ કરાવી ચૂક્યું છે. વિપક્ષે નનીટથના મુદ્દે સરકારને ઘેરવાની પૂરી કોશિષ કરી હતી પણ રાષ્ટ્રપતિના અભિભાષણ પર વડાપ્રધાન મોદીના જવાબ બાદ બન્ને પક્ષો વચ્ચે અતર વધી ગયું છે. સરકારના ૨૫ જૂનનું બંધારણ હત્યા દિવસ ઉજવવાના એલાનને લઈને પણ ટકરાવ વધી શકે છે.

કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે આ પેટા ચૂંટણીઓમાં જીતથી અમારી હિમત વધી છે આ પરિણામોથી સ્પષ્ટ થઈ ગયું છે કે મતદારોનો ભાજપ પરથી ભરોસો ઉઠી ગયો છે. આ જીતનો જયા ચાર રાજયોની ચૂંટણીમાં રાજનીતિક લાભ મળશે, ત્યારે સંસદના બજેટ સત્રમાં પણ તેની અસર જોવા મળશે. વિપક્ષ જૂથ વધુ આક્રમકતાથી આમ જન સાથે જોડાયેલા મુદ્દા પર સરકારને ઘેરશે.

રણનીતિકારો માને છે કે, પેટા ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના બહેતર પ્રદર્શનથી મહારાષ્ટ્ર, ઝારખંડ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં ગઠબંધનની જીતની સંભાવનાઓ પ્રબળ થઈ છે. આ ચાર રાજયોમાં કોંગ્રેસ ઈન્ડિયા ગઠબંધનના ઘટક દળોની સાથે મળીને ચૂંટણી લડશે, જયારે હરિયાણામાં કોંગ્રેસ એકલા ચૂંટણીમાં ઉતરવાની તૈયારીમાં છે.

વિપક્ષના એક વરિષ્ઠ સાંસદે કહ્યુ હતું કે સંસદના બજેટ સત્રમાં વિપક્ષી જૂથમાં આમજન, ખેડૂતો અને યુવાનોના મુદ્દા ઉઠાવશે વિપક્ષ આ સત્ર દરમિયાન એ બધા મુદ્દા પર સરકારને ઘેરવાની કોશિષ કરશે. આ સત્ર દરમિયાન એ બધા મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે જે આવનારી વિધાનસભા ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના મુખ્ય ચૂંટણી મુદ્દા થશે. વિપક્ષ લોકસભાના મુદ્દાને આધાર બનાવીને ચૂંટણી લડશે.

સરકાર ૨૦૪૭ સુધીમાં બદા માટે વીમા લક્ષ્યને હાંસલ કરવા માટે આગામી બજેટ સત્ર દરમિયાન વીમા અધિનિયમ ૧૯૩૮માં સંશોધન કરનાર વિધેયક રજૂ કરી શકે છે. વિધેયકનો મુસદો તૈયાર છે. તેને મંજૂરી માટે મંત્રી મંડળની પાસે મોકલવામાં આવશે. ૨૦૨૨માં વીમા અધિનિયમ ૧૯૩૮ અને વીમા નિયામક અધિનિયમ ૧૯૯૯માં પ્રસ્તાવિત સંશોધનો પર ટિપ્પણીઓ આમંત્રીત કરાઈ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત સંશોધનથી પોલિસી ધારકોના હિતોને પ્રોત્સાહન મળશે, પોલિસી ધારકોને સારૂ રિટર્ન મળશે. વધુ શેર ધારકોનો પ્રવેશ સરળ બનશે, જેથી આર્થિક વિકાસ અને રોજગારના સર્જનને પ્રોત્સાહન મળશે. વીમા ઉદ્યોગનું સંચાલન અને નાણાકીય દક્ષતામાં વૃધ્ધિ થશે અને વેપારને સરળ બનાવી શકશે.

## છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં જ આઠ કરોડ રોજગાર પેદા થયાઃ પીએમ મોદીનો બેરોજગારી મુદ્દે જવાબ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મુંબઈમાં ત્રણ હજાર કરોડ રૂપિયાની યોજનાઓનું શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. આ દરમિયાન તેમણે દેશમાં બેરોજગારી મુદ્દે વિપક્ષને જવાબ આપ્યો હતો.



વડાપ્રધાન મોદીએ લોકોને સંબોધન કરતાં કહ્યુ હતું, કે 'હાલમાં જ RBI દ્વારા અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. આ અહેવાલ અનુસાર છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં દેશમાં આશરે આઠ કરોડ રોજગાર ઉત્પન્ન થયા છે. આ આંકડાઓએ અસત્ય ફેલાવનારાઓના મોઢા બંધ કરાવી દીધા છે. જે લોકો ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસનો વિરોધ કરે છે તેમની પોલ ખૂલી ગઈ છે.'

મોદીએ વધુમાં કહ્યુ હતું, કે 'જે દાયકાઓથી જે અંતિમ પંક્તિમાં છે તેમને અમારી સરકાર પ્રાથમિકતા આપી રહી છે. નવી સરકારના ગઠન બાદ જ ગરીબોના પાક્કા મકાન તથા ખેડૂતો માટે નિર્ણય માટે લેવામાં આવ્યા છે.'

વડાપ્રધાન મોદીએ સરકારના કામ ગણાવતા કહ્યુ હતું, કે 'મહારાષ્ટ્રની મહાયુતી સરકાર પણ કટિબદ્ધતા સાથે કામ કરી રહી છે. મને આનંદ છે કે મહારાષ્ટ્ર સરકારે દર વર્ષે દસ લાખ નવયુવાનોને સ્કિલ ટ્રેનિંગ આપવાનો સંકલ્પ લીધો છે. કનેક્ટિવિટી માટે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે પર્યટન, ખેતી અને ઉદ્યોગને લાભ થઈ રહ્યો છે અને રોજગારના નવા અવસર પણ બની રહ્યા છે.'


અટલ સેતુમાં તિરાડના સમાચાર મુદ્દે વડાપ્રધાન મોદીએ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યુ હતું, કે 'અમારો ઉદ્દેશ્ય મુંબઈના લોકોનું જીવનધોરણ સુધારવાનો છે. તમને યાદ હશે કે કઈ રીતે અટલ સેતુ માટે ખોટી જાણકારી લોકોમાં ફેલાવવામાં આવી હતી.'

## ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલાં જીવલેણ હુમલા બાદ ઉદ્યોગપતિ મસ્કે કહ્યું મારી હત્યાનો પણ પ્રયાસ થયો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર જીવલેણ હુમલો કર્યા બાદ અબજોપતિ ઉદ્યોગપતિ ઈલોન મસ્કે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે કહ્યુ કે, આઠ મહિના પહેલા મારો બે વખત હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા એક્સ પર કહ્યુ કે, 'આવનારો સમય ખતરનાક છે. મને બે લોકોએ જુદા જુદા સ્થળોએ મારવાનો પ્રયાસ કર્યો છે. જોકે હુમલાખોરને ટેકસાસમાં ટેસ્લા હેડક્વાર્ટર ખાતે લગભગ ૨૦ મિનિટમાં બંદુક સાથે પકડી લેવામાં આવ્યા હતા.'





બીજી તરફ ઈલોન મસ્કે માં ડોનાલ્ડ ટ્રમ્પનું જાહેરમાં સમર્થન કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યુ કે, 'આ હુમલા પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, સિક્રેટ સર્વિસ સુરક્ષા આપવામાં નિષ્ફળ ગયા છે, તેથી સિક્રેટ સર્વિસના વડાએ રાજીનામું આપી દેવું જોઈએ.

સોશિયલ મીડિયા એક ફૂટેજ સામે આવ્યા છે, જેમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભાષણ દરમિયાન ફાયરિંગ થતું જોવા મળી રહ્યું છે. આ દરમિયાન ટ્રમ્પને માથાના ડાબા ભાગમાંથી લોહી નીકળી રહ્યું છે અને અમેરિકન સિક્રેટ સર્વિસ એજન્ટો તેમને તુરંત ત્યાંથી બહાર લઈ જઈ રહ્યા હતા. મીડિયાએ કહ્યું કે, ટ્રમ્પ સુરક્ષિત છે અને ઠીક છે. તેમની હત્યા કરવાના ઈરાદે ફાયરિંગ કરાયું હોવા અંગે તપાસ કરવામાં આવી રહી છે અને અમેરિકન ગુપ્ત સેવા એજન્ટોએ હુમલાખોરને ઠાર કર્યો છે.

દરમિયાન ફેડરલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશનએ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાની તપાસ શરૂ કરતા હુમલાખોરની ઓળખ કરી લીધી છે. હુમલાખોરની ઉંમર ૨૦ વર્ષ છે અને પેન્સિલવેનિયાનો જ રહેવાસી છે. ટ્રમ્પની રેલી પણ ત્યાં જ યોજાઈ હતી. સિક્રેટ સર્વિસે એક નિવેદન આપીને જણાવ્યું કે, હુમલાખોરને ઘટનાસ્થળ પર જ જવાબી કાર્યવાહીમાં ઠાર કરી દેવામાં આવ્યો છે. ગોળીબારની આ ઘટનામાં હુમલાખોર સિવાય એક અન્ય વ્યક્તિનું પણ મોત થઈ ગયું છે અને બે અન્ય સામાન્ય નાગરિકને પણ ઈજા થઈ હતી.

## મણિપુરમાં સુરક્ષાદળોના કાફલા પર હુમલો, CRPF જવાન શહીદઃકુકી આતંકવાદીઓએ જીરીબામમાં ગોળીબાર કર્યો, સૈનિકને માથામાં ગોળી વાગી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કુકી આતંકવાદીઓએ રવિવારે (૧૪ જુલાઈ) મણિપુરના જીરીબામમાં CRPF અને પોલીસ ટીમના કાફલા પર હુમલો કર્યો હતો. જેમાં સીઆરપીએફનો એક જવાન શહીદ થયો હતો. એક પોલીસ કર્મચારી પણ ઘાયલ થયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે કુકી આતંકવાદીઓએ મોંગબુંગના પહાડી વિસ્તારમાંથી ગોળીબાર કર્યો હતો. ગોળી CRPF જવાન અજય કુમાર ઝાના માથામાં વાગી હતી. આ પછી તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

મોંગબુંગમાં શનિવારે મોડી રાત્રે ગોળીબાર શરૂ થયો હતો. રવિવારે સવારે CRPF અને પોલીસે આતંકવાદીઓ સામે જવાબી કાર્યવાહી કરી હતી.





આતંકવાદીઓને કેટલું નુકસાન થયું તે હજુ સુધી જાણી શકાયું નથી.

મણિપુર પોલીસે ઇમ્ફાલ પૂર્વ અને ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લામાંથી હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. જેમાં ઈમ્ફાલ ઈસ્ટમાં એક AK-56 રાઈફલ, એક SLR, એક.૩૮ પિસ્તોલ, બે ગ્રેનેડ અને ૨૫ રાઉન્ડ ગોળીઓ મળી આવી છે. સુરક્ષા દળોએ અહીં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

દરમિયાન સુરક્ષા દળોએ ઇમ્ફાલ પશ્ચિમમાંથી એક એક્સકેલિબર રાઇફલ, ૭.૬૨ ળળ રાઇફલ (ઘાતક), એક MA-3, એક MK-II અને દારૂગોળો જપ્ત કર્યો છે. ઇમ્ફાલ પશ્ચિમમાંથી જ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેણે કારની ચોરી કરી હતી. આ લોકો પાસેથી એક .૪૫ પિસ્તોલ અને ૯ એમએમની પિસ્તોલ મળી આવી છે.

કોંગ્રેસે મણિપુરમાં થયેલી હિંસા પર શોક વ્યક્ત કર્યો છે. X પર પક્ષ દ્વારા જારી કરાયેલ પોસ્ટ. તેમાં લખ્યું હતું કે, 'એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, મણિપુર હજુ પણ હિંસાની આગમાં સળગી રહ્યું છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેની પરવા નથી. તે પોતાની દુનિયામાં ખુશ છે.

# મોરબીના સિપાઈવાસમાં સામાન્ય બાબતે મહિલા ઉપર અન્ય ચાર મહિલા સહિત આઠ શખ્સોએ કર્યો હુમલો

## મહોરમ નિમિતે છબીલે નિયાઝ લેવા માટે લાઈનમાં રહેવાનું કહેતા કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સિપાઈવાસ વિસ્તારમાં રસિકબાપુના ઘર પાસે મહોરમના તહેવાર અર્થે છબીલે નિયાઝ લેવા માટે લાઈનમાં વચ્ચે ધુસવાની ના પાડવાની બાબતે મહિલા તથા તેની સાથેની અન્ય મહિલાને પડોશમાં રહેતા પરિવારની ચાર મહિલા સહિત આઠ શખ્સોએ ઢીકાપાટુ તથા લાકડી વતી મૂંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભોગ બનનાર મહિલા દ્વારા આઠેય સભ્યો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સમગ્ર બનાવ બાબતે મળતી વિગતો મુજબ મોરબીના સિપાઈવાસ મસ્જિદવાળી શેરીમાં રહેતા અંજુમબેન જુસબભાઈ ઇબ્રાહિમભાઈ જીંદાણી ઉવ.૩૬ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપીઓ અનીશાબેન તોફિકભાઇ મતવા, જુબેદાબેન કાસમભાઇ, હાજીભાઇ મુસાભાઇ મતવા, શકીનાબેન ઇબ્રાહિમભાઇ મતવા, અમીનાબેન ઇબ્રાહિમભાઇ મતવા, ઇનાયતભાઇ મુસાભાઇ મતવા, સલીમભાઇ ઇબ્રાહિમભાઇ મતવા, મુસાભાઇ ઇબ્રાહિમભાઇ મતવા તમામ રહે.સિપાઇવાસ મસ્જીદ વાળી શેરી મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા. ૧૨/૦૭ ના રોજ સાંજના છ વાગ્યાના સુમારે ફરીયાદી અંજુમબેન મોહરમના તહેવાર અર્થે છબીલે નિયાઝ લેવા સારૂ ગયેલ હતા તે દરમ્યાન આરોપી અનિષાબેન તોફિકભાઈ મતવા લાઇનમા વચ્ચે ઘુસી જતા અંજુમબેને તેને લાઇનમા ઘુસવા બાબતે ટોકતા આરોપી અનિશાબેને એકદમ ઉશ્કેરાઈ જઈને અંજુમબેનને ઢિકાપાટુનો માર મારેલ જેમા અંજુમબેનની સાથે રહેલ અન્ય મહિલા તેની વચ્ચે પડ્યા હતા ત્યારે તમામ આરોપીઓ વારાફરથી આવીને અંજુમબેનને અને જુબેદાબેનને ઢિકાપાટુનો માર મારેલ તેમજ અન્ય એક આરોપીએ જુબેદાબેનને શરીરે લાકડી ફટકારી મૂઢ ઇજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યા ની ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની ધોરણસરની કાર્યવાહી હતબ ધરી છે.

# લાલપુર પાસે કાર-બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયોઃ બે પિતરાઇ ભાઇના મોત

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર લાલપુરની ભાગોળે ગોવાણા ચોકડી જતા માર્ગ પર કાર અને ડબલસવારી બાઇક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં મોટી રાફુદળ ગામના બે પિતરાઇ ભાઇના ગંભીર ઇજા થવાથી મૃત્યુ નિપજયા હતા.પિતરાઇ ભાઇઓ લાલપુરથી મોટી રાફુદળ બાઇક પર ઘરે જઇ રહયા હતા જે વેળા માર્ગમાં જીવલેણ અકસ્માત નડયો હતો.પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધ્યો છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત મુજબ લાલપુર તાલુકાના મોટી રાફુદળ ગામે રહેતા પ્રવિણભાઇ મોહનભાઇ નકુમ અને તેના પિતરાઇ ભાઇ દેવજીભાઇ સવજીભાઇ નકુમ બંને ગત તા.૧૩ના રોજ લાલપુર ગામે કામ સબબ આવ્યા હતા જે બાદ સાંજે તેઓ બાઇક પર ઘરે જઇ રહયા હતા જે વેળાએ ગોવાણા ચોકડી જતા માર્ગ પર કારે ડબલસવારી બાઇકને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો જે અકસ્માતમાં પ્રવિણભાઇ નકુમ (ઉ.વ. ૪૭) અને દેવજીભાઇ નકુમ (ઉ.વ. ૪૦) બંનેને માથા અને શરીરના ભાગે ગંભીર રીતે ઇજા થવાથી તુરંત બંનેને ૧૦૮ મારફતે સ્થાનિક હોસ્પીટલમાં લઇ જવાયા હતા.જોકે, ફરજ પરના તબીબે બંનેને મૃત ઘોષિત કર્યા હતા. બનાવની જાણ થતા લાલપુર પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળ અને હોસ્પીટલ દોડી ગઇ હતી.પોલીસે મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવ મામલે મૃતકના ભાઇ અશ્વીનભાઇ સવજીભાઇ નકુમની ફરીયાદ પરથી પોલીસે કારના ચાલક સામે અકસ્માતના મામલે ગુનો નોંધ્યો છે.બનાવના પગલે મૃતકના પરીવારમાં ઘેરો શોક છવાયો છે.

# આંચકીની બિમારી સબબ રાજકોટ સિવિલમાં દાખલ થયેલાં પાંચ માસના બાળકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રવાપર ગામ ખાતે આવેલ હિરલ એપાર્ટમેન્ટમાં પાર્કિંગની ઓરડીમાં રહેતા નેપાળી પરિવારના ૫ માસના બાળકનું આચકીની બીમારી સબબ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

મળતી માહિતી અનુસાર મોરબીના રવાપર ગામ નજીક આવેલ હોરલ એપાર્ટમેન્ટમાં ઓરડીમાં રહેતા નેપાળી પરિવારના ૫ માસના રિશ્વંત ગોવિંદભાઇ ચંદુભાઈ બિસ્ટ નામના બાળકને આચકીની બીમારી હોય જેની સારવાર ચાલુ હતી તે દરમ્યાન ગત તા. ૧૧/૦૭ના રોજ બાળકની માતા તેના રહેણાંક મકાને મુકી કામ કરવા ગયા હતા જ્યાંથી પરત આવતા બાળકને આંચકી આવેલ હોય જેથી સારવારમાં લઇ જતા તેને વધુ સારવાર અર્થે રજકોટ ઝનાના હોસ્પીટલમાં દાખલ કરેલ હોય જેનુ ચાલુ સારવાર દરમ્યાન બીમારી અથવા પડી જવાના કારણે ફરજ પરના ડોકટરએ ગઈકાલ તા. ૧૪/૦૭ના સાંજના સમયે જોઇ તપાસી મૃત જાહેર કરતા સીટી એ ડિવિઝન પોલીસે મૃત્યુ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી માળીયા(મી) હાઈવે પર કન્ટેઈનર ટ્રકની હડફેટે ટ્રેક્ટર ચાલકનું કમકમાટીભર્યું મોત

## ટ્રકે પાછળથી ઠોકર મારતા પડી ગયેલા ટ્રેક્ટરના ચાલકના માથા ઉપર વ્હીલ ફરી વળ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી માળીયા હાઇવે રોડ ઉપર અમરનગર ગામ નજીક પુરપાટ ગતિએ આવતા ટ્રક કન્ટેઇનરે રોડ ઉપર આગળ જઈ રહેલા ટ્રેક્ટર-ટ્રોલીને ઠોકર મારી અકસ્માત સર્જ્યો હતો. ત્યારે ટ્રોલીમાં ટ્રકની જોરદાર ટક્કર લાગતા ટ્રેક્ટર ચાલક યુવક રોડ ઉપર પડી જતા ટ્રકનું તોતિંગ વ્હીલ યુવકના માથા અને છાતીના ભાગે ફરી વળતા તેનું સ્થળ ઉપર કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

અકસ્માતના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના અમરનગર ગામની સીમમા માળીયા-મોરબી હાઇવે રોડ ઉપર આવેલ કેડા કારખાના પાસે પુરપાટ ગતિએ તેમજ ગફલતભરી રીતે માણસોની જિંદગી જોખમાય તેમ ટ્રક કન્ટેઈનર રજી. જીજે-૩૯-ટી-૦૬૪૪ ચલાવી રોડ ઉપર આગળ જઈ રહેલા ટ્રેક્ટર રજી. જીજે-૦૨-એજી-૦૬૧૪ની પછક જોડેલ ટ્રોલીમાં ટ્રકની જોરદાર ટક્કર મારી હતી. ટ્રકની ટક્કર લાગતા ટ્રેક્ટર ચાલક સુરેશભાઈ બચુભાઈ ઘાટેલીયા રીડ ઉપર પડી ગયા હતા ત્યારે ટ્રક કન્ટેઇનરનું વ્હીલ સુરેશભાઈને માથામાં અને છાતીના ભાગે ફરી વળતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. બનાવ બાદ ટ્રક કન્ટેઈનર ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને અકસ્માતના સ્થળ ઉપરથી નસુ ગયો હતો. ત્યારે મોરબી તાલુકાના શક્તિનગર(રવાપરનદી) ગામ રહેતા મૃતકના ભાઈ મહેશભાઈ બચુભાઈ ઘાટેલીયા દ્વારા આરોપી ટ્રક કન્ટેઇનર ચાલક વિરુદ્ધ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા હ પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર પોલીસ હેડકવાર્ટર ખાતે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન કેમ્પ યોજાયો







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં આવેલા પોલીસ તાલીમ ભવનમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગર શહેર અને આસપાસના વિસ્તારના ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા, અને માર્ગદર્શન મેળવ્યું હતું. રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવ તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ તથા નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) વી.કે, પંડયાના માર્ગદર્શન હેઠળ તેમજ સુરક્ષા સેતુ જામનગર પોલીસ અંતર્ગત જામનગર જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટરમાં આવેલા પોલીસ તાલીમ ભવનમાં પોલીસ દ્વારા યુપીએસસી-જીપીએસસી-સીસીઈ-પીએસઆઈ અને કોન્સ્ટેબલ વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમીનારમાં જામનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી આશરે ૭૦૦ જેટલા વિધાર્થીઓએ માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં આવી તમામ પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી? કેટલા ભાગમાં હોય? કયા કયા વિષયો હોય? શું માર્કિંગ પેટર્ન હોય? ઇન્ટરવ્યૂમાં કેવા પ્રશ્નો પુછાય, જાતે તૈયારી કરવી કે કોચિંગ માધ્યમથી કરવી, અને લાઈબ્રેરીનો ઉપયોગ આ તૈયારીમા કેવી રીતે મદદરૂપ થઈ શકે, સાથોસાથ આ તૈયારી કોલેજ કાળ દરમ્યાન કરવી કે કોલેજ પૂરી કર્યા બાદ તથા કોઇપણ જોબની સાથે અને ખાસ મેરીડવુમન માટે પણ આ તૈયારી કરવી તો કેવી રીતે કરવી એમ તમામ નાના-મોટા મુંજવતા પ્રશ્નો બાબતે ૩૬૦ ડિગ્રીનું માર્ગદર્શન અપાયું હતું.જેથી વધુને વધુ વિધાર્થીઓ મકકમતાથી પોતાના જીવનમાં એક સારા સરકારી અધિકારી, સરકારી નોકરી હાંસીલ કરવાનું સપનું સાકાર કરે એ રીતનું તમામ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે માર્ગદર્શન જામનગરના પોલીસ વિભાગના પ્રો.નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા, નાયબ પોલીસ અધિક્ષક વી.કે.પંડયા, પો.સબ.ઈન્સ એમ.ટી.પરમાર, પો.સબ.ઈન્સ એમ.જે.મોઢવાડીયા પો.સબ.ઈન્સ વી.બી.બરબસીયા વગેરે દ્વારા અપાયું હતું. જયારે એ.એસ.આઈ. નાનજીભાઈ એચ. વાઘેલા, પો.હેડ.કોન્સ જયેશભાઈ ઓ. ભીમાણી, પો.હેડ.કોન્સ વિજય સિંહ બી. જાડેજા, પો.હેડ.કોન્સ રમેશભાઈ.આર. બાવળીયા તેમજ સુરક્ષા સેતુના કર્મચારીઓ મદદમાં જોડાયા હતા.

# જામનગર સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્ક યોજી રજૂઆતો સાંભળતા મંત્રી રાઘવજીભાઈ પટેલ

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર, રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી રાઘવજીભાઇ પટેલે જામનગર સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્ક યોજી ઉપસ્થિત રહેલ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળ્યા હતા.તેમજ નાગરિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લઈ સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.મંત્રી દ્વારા યોજવામાં આવેલ આ લોકસંપર્ક કાર્યક્રમમાં જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હત તેમજ તેઓએ પોતાની રજૂઆત મંત્રી સમક્ષ મૂકી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે,કૃષિમંત્રી દ્વારા જાહેર જનતા સાથે સંવાદ સેતુ સાધવા આ પ્રકારના લોક સંપર્કનું દર અઠવાડિયે શહેરના લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસ ખાતે આયોજન કરવામાં આવે છે.જેમાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો તથા રજૂઆતો બાબતે રૂબરૂ ચર્ચા કરે છે.કૃષિમંત્રી રાઘવજીભાઇ પટેલ પણ એટલી જ સહૃદયતાથી નાગરિકોના પ્રશ્નો સાંભળી તેના નિવારણ માટે સ્થળ પર જ લગત વિભાગો તથા સંબંધિતોને ટેલિફોનિક સૂચના આપી અથવા તો લેખિત કાર્યવાહી કરી લોક પ્રશ્નોના નિરાકરણનું માધ્યમ બને છે.

# મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મોટા ઈટાળા ખાતે 'એક પેડ માઁ કે નામ' કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, હાઈસ્કૂલ ગ્રાઉન્ડ મોટા ઇટાળા ખાતે રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં 'એક પેડ માઁ કે નામ' કાર્યક્રમ યોજાયો હતો.જેમાં બહોળી સંખ્યામાં મોટા ઇટાળા, બીજલકા સહિત આસપાસના ગ્રામજનોએ ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ વૃક્ષારોપણના નવતર અભિયાનમાં સહભાગી થઈ વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માઁ કે નામ' કાર્યક્રમમાં સહભાગી થઈ વધુમાં વધુ વૃક્ષો વાવવા ઉપસ્થિત સૌને આહ્વાન કરતા જણાવ્યું હતુ કે લાકડું, દવા, ફળ, ઓક્સિજન સહિતની અમૂલ્ય પેદાશો આપતાં વૃક્ષો સંત સમાન છે.વૃક્ષારોપણ માટે સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે ત્યારે સરકારના આ હરિયાળા સંકલ્પમાં લોક ભાગીદારી ભળશે તો જ ધાર્યું પરિણામ મળી શકશે.આથી માત્ર કાર્યક્રમ પૂરતા જ નહીં પરંતુ જીવનના એક ભાગ તરીકે લોકો વૃક્ષો વાવે અને તેનું જતન કરે એ આજ અને આવતીકાલ માટે ખૂબ જરૂરી છે.વધુમાં વૃક્ષોને નુકસાન કરનારા તત્વો સામે આગામી સમયમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ પ્રસંગોચિત વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે વૃક્ષો અતિ મૂલ્યવાન છે.વધુમાં વધુ વૃક્ષારોપણ થાય અને વૃક્ષોનું જતન થાય એ આજના સમયની માંગ છે.તેમ જણાવી જીવનમાં આવતા સારા-નરસા પ્રસંગે સૌને અવશ્ય એક વૃક્ષ વાવવા ધારાસભ્યએ આહ્વાન કર્યું હતું.કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ તથા પ્રકૃતિ જતન અંગેની વિશિષ્ટ કામગીરી કરનાર નાગરિકોને મંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ સૌ નાગરિકોએ વૃક્ષારોપણ કરવાના તેમજ વડાપ્રધાનશ્રીના 'એક પેડ માઁ કે નામ' અભિયાનમાં સહભાગી થવાના શપથ ગ્રહણ કર્યા હતા.આ પ્રસંગે પ્રાંત અધિકારી વી.ડી.સાકરીયા, મામલતદાર તન્વી ત્રિવેદી, આગેવાન સર્વ , માર્કેટિંગ યાર્ડના તમામ ડાયરેક્ટરઓ, સરપંચઓ તથા બહોળી સંખ્યામાં વૃક્ષ પ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઢાંક ગામે બાપા સીતારામ યુવક મંડળ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

## બસ સ્ટેન્ડ વિસ્તારમા 300 વૃક્ષો રોપવાનું આયોજન







**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** ઉપલેટા તાલુકા ના ઢાંક ગામે બાપા સીતારામ યુવક મંડળ દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તાર મા વર્ષો થી બંજર પડી રહેલી જમીન ફરતી તાર ફેન્સિંગ કરીને 300 થી વધુ વૃક્ષોરોપણ કરવાનું શરૂ કર્યું હતું.

ગ્રામ પંચાયત ના સહયોગ અને બાપા સીતારામ યુવક મંડળ ના સભ્યો ની મહેનત થી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું આ તકે યુવક મંડળ ના યુવાનો, ગ્રામ પંચાયત ના વહીવટદાર નંદાણીયા ભાઈ, તલાટી મંત્રી સાપરીયા ભાઈ, ગ્રામ પંચાયત ક્લાર્ક ભાવિન વેકરીયા, અતુલ ભાઈ જોષી ગામ ના આગેવાનો સંતો, પત્રકાર ભૂપત ગીરી ગોસ્વામી, સંજય ભાઈ લુણસીયા, મંગળુ ભાઈ ડાંગર હાજર રહી ને વૃક્ષો રોપવામાં આવ્યા છે.

# રાજુલાની શાહગોરા વાડી ખાતે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા શહેર આવેલ શાહગોરા વાડી ખાતે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન કરવામા આવ્યું હતુ આ તકે પધારેલા શહેરના તમામ આગેવાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયુ આ બ્લડ ડોનેશન કેમ્પમાં બહોળી સંખ્યામા લોકોએ રક્તરૂપી રક્તદાન કર્યુ હતુ. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમસ્ત મુસ્લિમ સમાજે ઇમામ હુસેન શહાદતની યાદમા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામા આવ્યો હતો. આ કેમ્પમા મહુવાની નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ બ્લડ બેન્ક દ્વારા સહયોગ આપ્યો હતો અને આ કેમ્પમા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જે રાજુલામાં ધાર્મિક સ્થળો તોડી પાડવાનો તંત્ર દ્વારા કાર્યવાહી બાબતે સમસ્ત હિન્દુ સમાજમાં રોષ વ્યક્ત થયો છે જે બાબતે સમસ્ત મુસ્લિમ સમાજે પણ દુખની લાગણી વ્યકત કરી અને હિન્દુ સમાજને સમર્થન જાહેર કર્યું હતું અને જ્યા પણ જરૂર પડે ત્યાં સાથે રહી સપોર્ટ કરીશું તેમ જણાવ્યું હતું રાજુલા શહેરમાં હિન્દુ મુસ્લિમ સમાજ સાથે રહેતા આવ્યા છે અને હંમેશા સાથે રહેશે તેઓ મેસેજ પણ આપવામાં આવ્યો છે આ કેમ્પમા હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો, ચેમ્બર ઓફ કોમર્સ, પત્રકાર મિત્રો સહિત ઉપસ્થિત રહ્યાં હતા સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સમસ્ત મુસ્લિમ સમાજ રાજુલા દ્વારા ભારે જહેમત ઉઠાવી બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો.

# મોરબીની ગાયત્રીનગર-૧ સોસાયટીના રહેણાંક મકાનમાં જુગારની મીનીકલબ ઝડપાઇ

## તીનપત્તિનો જુગાર રમતી ત્રણ મહિલા સહિત નવને રૂપિયા ૪૦,૧૨૦/-સાથે ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં હાલ વરસાદી સીઝન સાથે જુગારની સીઝન ફલીફાલી છે. ત્યારે સીટી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે વાવડી રોડ સ્થિત ગાયત્રીનગર-૧ સોસાયટીના રહેણાંકમાં દરોડો પાડી જુગારની મીનીકલબ પકડી પાડવામાં આવી છે. જેમાં મકાન માલિક બહારથી માણસો બોલાવી જુગારનો અખાડો ચલાવતો હોય ત્યારે પોલીસના દરોડા દરમિયાન તીનપત્તિનો જુગાર રમી રહેલા ૩ મહિલા સહિત કુલ ૯ બાઝીગરને પકડી લઇ તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળેલ કે વાવડી રોડ ઉપર આવેલ ગાયત્રીનગર-૧ સોસાયટીના રહેણાંક મકાનમાં કાનજીભાઈ ભીમજીભાઈ ખટાણા પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો બોલાવી તેમના પાસેથી નાલ ઉઘરાવી જુગારની મીની કલબ ચલાવતો હોવાની ખાનગીરાહે બાતમી મળી હતી. ત્યારે તાત્કાલિક સીટી એ ડિવિઝન પોલીસ ટીમે વોરંટ ઇસ્યુ કરાવી ઉપરોક્ત સ્થળ ઉપર રેઇડ કરી હતી. પોલીસની રેઇડ દરમિયાન રહેણાંક મકાનમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હરજીતનો તીનપત્તિનો જુગાર રમી રહેલ મકાન માલિક સહિત નવ જુગારીને રંગેહાથ ઝડપી લેવાયા છે. જેમાં કાનજીભાઈ ભીમજીભાઈ ખટાણા ઉવ.૩૮ રહે.ગાયત્રીનગર-૧ મૂળરહે.શકત શનાળા, કાંતિભાઈ ભગવાનજીભાઈ સાવરીયા ઉવ.૩૧ રહે.રાજપર ગામ, સુરેશભાઈ ગોવિંદભાઇ સાવરીયા ઉવ.૨૮ રહે.ટીંબડી ગામ, જયદીપભાઈ અણદાભાઈ આલ ઉવ.૨૫ રહે.સાત હનુમાન સોસા.લીલાપર રોડ, અનિલભાઈ ભગવાનજીભાઈ પરમાર ઉવ.૨૩ રહે.ટીંબડી ગામ, જગદીશભાઈ મોતીભાઈ નૈયા ઉવ.૩૫ રહે.રંગપર ગામ, ચેતનાબેન નવીનભાઈ ગોવિંદભાઇ ગુર્જર ઉવ.૩૦ રહે. મોરબી નવલખી રોડ લાયન્સનગર, અંજલીબેન ધર્મેન્દ્રભાઈ વનમાળીદાસ ગૌસ્વામી ઉવ.૩૦ રહે.મોરબી દરબારગઢ સંઘવી શેરી તથા મીનાબેન કાનજીભાઈ ભીમજીભાઈ ખટાણા ઉવ.૪૦ રહે. વાવડી રોડ ગાયત્રીનગર-૧ મૂળરહે. શકત શનાળાવાળાને પકડી લેવાયા છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂપિયા ૪૦,૧૨૦/- જપ્ત કરી તમામ આરોપીની અટક કરી એ ડિવિઝન પોલીસ મથકમાં જુગરધારા હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હળવદમાં રહેણાંક મકાનમાં વિદેશી દારૂની ૨૧ બોટલ મળી આવી,આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પોલીસ ટીમે બસ સ્ટેન્ડ પાછળ આવેલ રહેણાંકમાં દરોડો પાડી વિદેશી દારૂની ૨૧ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જ્યારે દરોડા દરમિયાન આરોપી હાજર મળી ન આવતા તેને ફરાર દર્શાવી વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હળવદ પોલીસ ટીમે બાતમીને આધારે બસ સ્ટેન્ડ પાછળ આવેલ આરોપીના મકાનમાં રેઇડ કરી વિદેશી દારૂ મેકડોવેલ્સ વ્હિસ્કીની ૨૧નંગ બોટલ કિ રૂ.૭,૨૫૦/-મળી આવી હતી. પોલીસના દરોડા દરમિયાન આરોપી મોહિત હસમુખભાઇ પરમાર રહે. હળવદ બસ સ્ટેન્ડ પાછળ તા.હળવદ હાજર મળી આવ્યો ન હોય જેથી તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ પ્રોહી. હેઠળ ગુનો નોંધી તેને ઓએકડી પાડવા શોધખોળ શરૂ કરી છે.

# પટનાની પરિણીતા રસ્તો ભુલતા વ્હારે આવી ૧૮૧ અભયમ મહિલા હેલપલાઈન ટીમ




મુખ્ય સમાચાર, રાજકોટ

તા.૧૩/૦૭/૨૦૨૪ ના રોજ રાજકોટ શહેર ના કુવાડવા રોડ વિસ્તાર માંથી જાગૃત નાગરિક એ ૧૮૧ પર ફોન કરેલ અમારા ઘર પાસે અજાણી મહિલા બેસેલ છે મદદે વાન મોકલો. કોલ આવતા જ ૧૮૧ વાન બી. ડિવિઝન પોલીસ સ્ટેશન લોકેશન રાજકોટ થી કાઉન્સેલર કૃપાલીબેન ત્રિવેદી, મહિલા કોન્સ્ટેબલ સંગીતાબેન પંડ્યા, પાયલોટ મુકેશભાઈ ઘટના સ્થળ પર પહોંચેલ ત્યાં જાગૃત નાગરિક એ જણાવેલ આ બેન ૨ એક કલાક થી અહી બેઠા છે પરંતુ હિન્દી બોલે છે કંઈ સરખું સમજતા નથી માટે ૧૮૧ ટીમ દ્વારા પીડિતા નું કાઉન્સેલિંગ કરતા તેઓ નું નામ સંધ્યા બોલતા હોય ને ખરગાવ,સરાવસ્તી,પટના કે રહેનેવાલે હે, રાજકોટ મે ૪,૫ દિન સે આયે હૈ, ભાભી સાથે નીકળેલ ઘરકામ કરવા ને રસ્તો ભૂલી ગયા, ઘરનું સરનામું પૂછતા ઢોરા પર સમોસા બનાવે છે ત્યાં રહીએ છીએ જેથી પીડિતાએ આપેલ સરનામે વાન માં સાથે લઈ ઘર શોધેલ પરંતુ તે જગ્યા એ પીડિતા નું ઘર નહતું ને ખમણ ની મોટી દુકાન માં પતિ કામ કરેછે તેમ બોલતા નજીક ની ખમણ ની દુકાન માં પણ પૂછેલ પરંતુ પીડિતા નો પરિવાર ૦૫ કલાક બાદ પણ મળેલ નહિ જેથી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે નોંધ કરાવી પીડિતા ને પરિવાર ન મળે ત્યાં સુધી નારીસંરક્ષણ ગૃહ રાજકોટ ખાતે આશ્રય અપાવેલ ત્યારબાદ તા. ૧૪/૦૭/૨૦૨૪ ના સવારે વોટ્સેપ ના માધ્યમ થી પરિવાર નો સંપર્ક થતા પીડિતા ના પતિ એ જણાવેલ અમો યુ.પી. પટના થી કામ ધંધા અર્થે ૦૫ વર્ષ થી રાજકોટ રહીએ છીએ પત્ની ને ૦૪,૦૫ દિવસ થી લાવેલ છે તેમને અહી કઈ જોયેલ નથી જેથી ઘરકામ કરવા નીકળેલ હોય, ફોન પણ ઘરે ભુલી ગઈ હતી જેથી ભુલી પડી ગઈ,કાલ બોપોર થી આજ સુધી અન્ન લીધું નથી , પીડિતા ના તથા પતિ ના ડોક્યુમેન્ટ વેરીફાઈ કરી ૧૮૧ટીમ, બી.ડિવિઝન પોલીસ ટીમ તથા નારીસંરક્ષણ ગૃહ રાજકોટ ની સહાય થી પીડિતા ને તેમના પરિવાર ને સોંપતા પીડિતા ના પતિએ ટીમ ૧૮૧ અભયમ ગુજરાત નો ખુબજ આભાર વ્યક્ત કર્યો ને કહ્યું ખરેખર ગુજરાત માં મહિલાઓ માટે સેફ છે.

# રવિવારી બજારના ધંધાર્થીઓને વૈકલ્પિક જગ્યા ફાળવવા કોંગ્રેસની મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત





(તસ્વીરઃ આનંદ જાવિયા)

મુખ્ય સમાચાર રાજકોટ

રાજકોટ શહેરમાં દાયકાઓ થી રવિવારી બજાર ભરાય છે. આવી બજારો દેશ દુનિયામાં પણ અનેક જગ્યાએ હોય છે. આઈઆઈએમ થી લઈને બીજી ખ્યાતનામ સંસ્થાઓઘ અર્થશાસ્ત્રીઓ, સમાજવિજ્ઞાનીઓ આવી બજારોનું મહત્વ સમજી એના ઈકોનોમિક મોડલ ઉપર અભ્યાસો કરતા હોય છે.

એમાંય, લારી ગલ્લા પાથરણાવાળા લોકોનો દેશની ઈકોનોમીમાં કેવો રોલ હોય છે એના વિશે આપણા દેશની સંસદમાં ખૂબ વિગતવાર ચર્ચા જ્યારે સ્ટ્રીટ વેન્ડરસ એક્ટ બન્યો ત્યારે કરવામાં આવેલ છે. આપણા દેશની સંસદમાં વિશેષ કાયદો પારીત કરવાનો મૂળ આશય આપણા જ દેશની બાંધવા જેવો લારી ગલ્લા પાથરણા તરીકે રોજી રોટી રળતાં હોય છે. એમને ગરિમા પૂર્વક ધંધો રોજગાર કરી શકે એની અનુકૂળતા ભી કરી આપવાનો છે. એક્ટમાં સાફ જણાવેલ છે કે લારી ગલ્લા પાથરણા વાળા કે રેકડી વાળાઓને પોતાના ધંધો રોજગાર કરવા માટે સ્થિર જગયા આપવી અને કદાચ કારણસર હટાવવા પડે તો બીજી વૈકલ્પિક વ્યવસ્થા ભી કરી આપવા.

પરંતુ રાજકોટ શહેરની રોનક એવા રવિવારી બજારના લોકો છેલ્લા કેટલાક દિવસોમાં નોટિસો આપવામાં આવી છે કે, તેઓ ગણતરીના દિવસોમાં રવિવારી બજારની જગયા ખાલી નહિં કરે તો લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. વર્તમાન ભાજપ સરકાર અને રાજકોટ શહેર મ્યુનિ.તંત્ર કેટલું કાબેલ અને સક્ષમ છે એ તો ટીઆરપી ગેમિંગ ઝોન પ્રકરણમાં સૌ એ જોઈ લીધું છે. એ છતાં, બી.યુ.પરમિશન વગર ભા સેંકડો મકાનો/ઈમારતો/ટાવરો/શોપિંગ સેન્ટરોની સામે તમારું તંત્ર મૌન ધારણ કરી લેય છે. અને રવિવારી બજારના ગરીબ શ્રમિક પાથરણા રેકડીવાળાઓને ત્યાંથી ખસેડી દેવાની ધમકીઓ આપે છે, જે દેખાડે છે કે તંત્ર કેટલું નમાલું બની ચૂક્યું છે. આથી, આ આવેદનપત્રના માધ્યમથી અમારી નીચે મુજબની માંગણી છે.

(૧) સમગ્ર રાજકોટ શહેરમાં સ્ટ્રીટ વેન્ડર એક્ટ એના સાચા અર્થમાં લાગુ કરવામાં આવે.

(૨) રાજકોટની રવિવારી બજારને હટાવવામાં આવે નહિં અને એ માટે મ્યુનિ.તંત્ર સરકારના અન્ય વિભાગો સાથે દખલગીરી કરે.

(૩) કોઈ કારણસર આ રવિવારી બજાર હટાવવી જ પડે એમ હોય તો ત્યાંના એક એક લારી ગલ્લા પાથરણા નો પાક્કો સર્વે/અભ્યાસ કરી એમને વરસાદ રહી જાય એ બાદ બીજે પોતાનો ધંધો રોજગાર કરવા વૈકલ્પિક વ્યવસ્થા ભી કરી આપવામાં આવે.

# આવતીકાલે રાજકોટ મનપાની સ્ટે.કમિટીની બેઠક : કરોડોના વિકાસકામોને અપાશે મંજૂરી


## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ પાસે ચાલુ નાણાકીય વર્ષની ગ્રાન્ટ મંગાશે : મનપાના પદાધિકારી માટે એક નવી ઈનોવા કાર ખરીદવા અંગેની દરખાસ્ત પણ મૂકાઈ : ૪૭ દરખાસ્ત રજૂ

મુખ્ય સમાચાર રાજકોટ

આવતીકાલે રાજકોટ મનપાની સ્ટે.કમિટીની બેઠક ચેરમેન જયમિન ઠાકરની અધ્યક્ષતામાં મળશે. જેમાં જુદી-જુદી ૪૭ દરખાસ્તોના કરોડોના વિકાસ કામોને લીલીઝંડી અપાશે. ખાસ કરીને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ પાસે ચાલુ નાણાકીય વર્ષની ગ્રાન્ટ લેવા અંગેની દરખાસ્ત મૂકાઈ છે. વધુમાં મનપાના પદાધિકારી માટે એક નવી ઈનોવા કાર ખરીદવા અંગેની દરખાસ્ત પણ મૂકાઈ છે. નોંધનીય છે કે, આગામી ગુરુવારે મનપાનુ જનરલ બોર્ડ મળવાનું છે તે પહેલા આ સ્ટેન્ડિંગ કમિટીમાં અનેક મહત્વની દરખાસ્તોને મંજૂરી અપાશે.

# બંગડી બજારમાં ભાભા કોમ્પલેક્સના ટેરેસ પર ગોડાઉનમાં ભીષણ આગ

## ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધીઃ ગીફટ આર્ટીકલનો માલસામાન બળીને ખાખ







મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં TRP ગેમ ઝોન દુર્ઘટના હજુલોકાના માનસ પરથી વિસરાઈ નથી ત્યારે શહેરની બંગડી બજારના ભાભા કોમ્પલેક્ષના છેલ્લા માળે પતરાના સ્ટ્રક્ચરમાં બનેલા ગોડાઉનમાં સવારે અચાનક આગ ફાટી નીકળી હતી. જેને લીધે સ્થાનિક વેપારી દ્વારા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી અને ત્યારબાદ એક કલાક સુધી ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. તેમ છતાં ધુમાડાના ગોટેગોટા ચાલુ રહ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અને ગેરકાયદેસર સ્ટ્રક્ચરો તોડી પાડવામાં આવ્યા છે. તો શું મનપાને સાંકડી શેરીમાં આવેલી બંગડી બજારમાં ખડકાયેલા પતરાના ગેરકાયદે સ્ટ્રક્ચરો દેખાયા નહીં? તે સવાલ અહીં ઉપસ્થિત થઈ રહ્યો છે.

બંગડી બજારના વેપારી હિરેનભાઈએ જણાવ્યું હતું કે, હું સવારે મારી દુકાને આવ્યો ત્યારે મને ખ્યાલ આવ્યો કે, બજારમાં ઉપરના ભાગેથી આગના ગોટેગોટા નીકળી રહ્યા છે. જેથી મે તુરંત જ સવારે ૧૦ વાગ્યે પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જે બાદ તુરંત જ પહોંચી ગયો હતો અને છેલ્લા એક કલાકથી આગ બુજાવવા માટે પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. રાજકોટની ભાભા બજારમાં મૂળ માલિક દુષ્યંત મહેતાનું ગોડાઉન હોવાનું સામે આવ્યું છે તેમ જણાવતા ભાડુઆત કામેશ ભૂપતાણીએ જણાવ્યું હતું કે, ગિફ્ટ આર્ટિકલનું ગોડાઉન ભાડે રાખ્યું હતું. જેનું ૪,૦૦૦ ભાડું ચૂકવતો હતો. જેમાં હાલ કોઈ વસ્તુ ન હતી તેઓ બચાવ કરવામાં આવ્યો હતો.

# સુરેન્દ્રનગરના ભેટ ગામે ચાલતી ગેરકાયદે ખાણમાં દુર્ઘટનાઃ ત્રણ શ્રમિકના મોત



મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના ભેટ ગામના સીમાડા વિસ્તારમાં ચાલતી એક કાર્બોસેલમાં દુર્ઘટના સર્જાતા ત્રણ મજૂરોના મોત થયાના સમાચારો મળી આવ્યા છે. આ ઘટના પ્રકાશમાં આવતા તંત્ર પણ છાનીરાહે દોડતું થયું છે. સુરેન્દ્રનગરમાં ખનિજ માફીયાઓ બેફામ બન્યા છે. ખનિજ માફીયાઓના કારણે અનેક શ્રમિકોના મોત થયાની ઘટના સામે આવતી હોય છે, છતા તંત્ર ગાઢ નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. તેવામાં સુરેન્દ્રનગરના ભેટ ગામે ચાલતી ગેરકાયદેસર કાર્બોસેલની ખાણમાં દુર્ઘટના સર્જાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભેટ ગામે ચાલતી ગેરકાયદેસર કાર્બોસેલની ખાણમાં કામ કરતા ૩ મજૂરોના મોત થયાના સમાચાર સામે આવ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ખનિજ માફીયાઓ મજૂરોના મોતના સોદાગરો બન્યા છે. મળતી માહિતી મુજબ, સુરેન્દ્રનગરમાં ગેરકાયદેસર કાર્બોસેલની ખાણમાં મોટી દુર્ઘટના બની છે. ગેરકાયદેસર ચાલકી કાર્બોસેલની ખાણમાં કામ કરતા ૩ શ્રમિકોના મોત થયાના સમાચાર સાંભળતા તંત્ર ખુલ્લા પગે દોડતી થઈ છે. ખનિજ માફિયાઓ ૨૦૦ ફૂટ ઊંડે ગેરકાયદેસર ચાલતી કાર્બોસેલની ખાણનો ધમધમાટ ચલાવી રહ્યા હતા. ખાણમાં ખોદકામ કરતા સમયે અચાનક અમ્મય કારણો સર દુર્ઘટના સર્જાઇ હતી. ગેરકાયદેસર કાર્બોસેલની ખાણમાં કામ કરતા ૩ મજૂરોના મોત નીપજ્યા છે. શ્રમિકોના મોત થતા ખનિજ માફિયાઓ મૃતકોના મૃતદેહોને સગેવગે કરવાનું કાવરૂ રચી રહ્યા હતા. પોલીસ અને ખાણ ખનિજ વિભાગ ઘટનાની જાણ થતા ઘટના સ્થળે પહોંચી આવી હતી. પોલીસે સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# સીનીયર સીટીઝન સહિતના અન્ય લોકો માટે સીટીબસ સેવા અને બીઆરટીએસ સેવા નિઃશુલ્ક બનાવાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ મનપા દ્વારા ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમિયાગ્રસ્ત અને જુવેનાયઈલ ડાયાબીટીસગ્રસ્ત લોકો માટે સીટીબસ સેવા અને બીઆરટીએસ સેવા નિઃશુલ્ક બનાવવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી જેના ભાગ રૂપે આ તમામ લોકો માટે હવેથી આ બસ સેવા મુસાફરી નિઃશુલ્ક રહેશે. આ માટે અરજીપત્રક આજથી મનપાની તમામ સિવિક સેન્ટર તેમજ વોર્ડ ઓફિસેથી મળી શકશે. જરૂરી આધારપુરાવા સાથે ફોર્મ ભરવાનું રહેશે.આ સેવાથી અનેક લોકોને ફાયદો મળશે. ભાજપ શાસિત મહાનગરપાલિકામાં ગત તા.૧૯ ફેબ્રુઆરીએ આ દરખાસ્ત મંજૂર કરાઈ હતી.



# રાજનગર આવાસના નળ કનેકશન કાપી નાખી મનપાએ માનવ અધિકારોનો ભંગ કર્યો છેઃ યુવા ભીમ સેના



(તસ્વીરઃ આનંદ જાવિયા)

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજનગર આવાસ યોજના રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ છે. જેના રહેવાસીઓ ને હજુ ૨૦૧૫ મા રજી દસ્તાવેજ બનાવી આપવામાં આવેલા છે. હાલમાં આ આવાસ યોજનાના રહેવાસીઓ ને આપની ઓફિસ તરફથી આવાસ જર્જરીત અંગે ની નોટીસો આપી તાત્કાલિક અસરથી નળ કનેક્શન કાપી નાખી અમાનવીય રીતે માનવ અધિકારો નો ભંગ કરવામાં આવેલ છે. તેમ યુવા ભીમ સેનાએ જણાવ્યું હતું. આ અંગે એક આવેદન પણ સુપ્રત કરાયું હતું.

આવેદનમાં જણાવાયું હતું કે, સૌ પ્રથમ આ આવાસો ને રિપેરિંગ કરી આટલા વર્ષો બાદ આ આવાસ રહેવા લાયક છે કે કેમ? તેની સ્ટ્રક્ચર એન્જિનિયર પાસે રિપોર્ટ મેળવ્યા બાદ જ દસ્તાવેજ કરી આપવા જોઈએ.. આથી રાજકોટ મહાનગરપાલિકા ની પણ ખૂબ મોટી જવાબદારી છે.

હાલમાં ચોમાસાનો સમય હોય, વરસાદી માહોલમાં આ આવાસ યોજના માં રહેનારા લોકો આવાસ રીપેરીંગ કરાવી શકે તેવી પરિસ્થિતિ ન હોય, ચોમાસાનો સમય પૂર્ણ થયા બાદ રીપેરીંગની કામગીરી શરૂ થઈ શકે તેમ હોય, તાત્કાલિક અસરથી આવાસ યોજના ના રહેવાસીઓ ના નળ જોડાણો કરી જોડી આપશો. અન્યથા આ અમાનવીય વ્યાવહાર ને કારણે થતી માનવ જીવન ની, પરિવારના સભ્યોની, બેન્ક ના લોનના હપ્તા ની, સંતાનોના અભ્યાસક્રમ ની તમામ જવાબદારી રાજકોટ મહાનગરપાલિકા ની રહેશે.

# ભાયાવદર સેવા સહકારી મંડળીમાં પ્રમુખ તથા ઉપપ્રમુખની બિનહરીફ વરણી



મુખ્ય સમાચાર, વિજય રાડીયા

ભાયાવદરઃ ભાયાવદર સેવા સહકારી મંડળીની ચુટણીમાં નયનભાઈ જીવાણીની પેનલનો જળણળતો વિજય થયેલ છે. આ ચુટણીમાં કુલ ૧૩ સભ્યો વિજય થયેલ હતાં. તેમાં અનિલભાઈ ચંદ્રકાંતભાઈ બરોચીયા, કિશોરકુમાર લખમણભાઈ માકડીયા, ચંદ્રકાંતભાઈ ભાણજીભાઈ પાંચાણી, જીતેન્દ્રકુમાર રતિલાલ માકડીયા, જીવનભાઈ ઉકાભાઈ દલસાણીયા, દિલીપભાઈ કરશનભાઈ સામાણી, નટવરલાલ નાનજીભાઈ મારસોણીયા, પ્રવિણકુમાર વિઠલભાઈ માકડીયા, મનસુખભાઈ પરબતભાઈ માકડીયા તેમજ મહીલા ઉમેદવારમાં માધવીબેન ભુપતભાઈ ભુત, સરોજબેન નયનભાઈ જીવાણી તેમજ નાના સિમંતમાં ચિમનભાઈ આણંદભાઈ બરોચીયા અને અનુસુચિત જાતીની બેઠકમાં પુંજાભાઈ ભુરાભાઈ ચાવડા નો વિજય થયેલ છે. સામે આ ચુટણીમાં ભાયાવદર શહેર ભાજપની ટીમ તેમજ આમઆદમી પાર્ટી તથા કોગ્રેસનું ગઠબંધન હોય તેમાં અતુલભાઈ વેગડા, વલ્લભભાઈ માકડીયા જેવા ઉમેદવારને મેદાનમાં ઉતારી ચુટણી થયેલ હતી. ત્યારે ભાયાવદરના ખેડુતોએ નયનભાઈ જીવાણીની પેનલને જંગી મત આપી વિજય અપાવેલ હતો. સામેના ગઠબંધનના ઉમેદવારોની શરમજનક હાર થયેલ છે.

ત્યારે આજરોજ ભાયાવદર સેવા સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીની મિટીંગમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરવામાં આવેલ તેમાં શ્રી નટવરલાલ નાનજીભાઈ મારસોણીયાને પ્રમુખ તરીકે અને અનિલભાઈ ચંદ્રકાંતભાઈ બરોચીયાને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવેલ છે. ત્યારે આ બન્ને પ્રમુખ અને ઉપપ્રમુખને ભાયાવદર નગરપાલિકાના પુર્વ પ્રમુખ નયનભાઈ જીવાણી, ધારાસભ્યશ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયા અપણા સાંસદ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાહેબ અને આર.ડી.સી. બેંકના ચેરમેન અને ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, રાજકોટના સાંસદ પુરસોતમભાઈ રૂપાલા સાહેબ, માર્કેટીંડ યાર્ડ ઉપલેટાના ચેરમેન હરિભાઈ ઠુમર વગેરે આગેવાનો એ આ નવનિયુક્ત પ્રમુખ-ઉપપ્રમુખને ખૂબખૂબ અભિનંદન પાઠવેલ છે.

# વાંકાનેરના જોધપર ગામ નજીકથી કારમાં દેશીદારૂની ખેપ મારતા બે ઇસમોને ઝડપી લેવાયા

## વાંકાનેર પોલીસે ટાટા ટીગોર કારમાંથી ૬૨૫ લીટર દેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો

મુખ્ય સમાચાર, વાંકાનેર

વાંકાનેર તાલુકા પોલીસ વાહન ચેકીંગ કામગીરીમાં હોય ત્યારે પૂર્વ બાતમીને આધારે વાંકાનેર તાલુકાના જોધપર ગામ નજીક આવેલ ઓવરબ્રિઝ ઉપરથી ટાટા ટીગોર કાર રજી. જીજે-૩૩-બી-૮૮૬૬માંથી ૬૨૫ લીટર દેશીદારૂનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે કારમાં સવાર આરોપી નાંગભાઇ ઉર્ફે નાગરાજ નકુભાઇ ધાધલ ઉવ.૨૨ તથા ભાભલુભાઇ શીવકુભાઇ કરપડા ઉવ.૩૩ બંને રહે.વેલાળા તા.થાનગઢ જી.સુરેન્દ્રનગરની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી. બીજીબાજુ દેશીદારૂનો જથ્થો તથા કાર સહિત કિ.રૂ.૩,૧૨,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઇ બંને આરોપીઓ સામે પ્રોહી. હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# આફ્રિકામાં બંધક બનાવેલા રાજકોટના યુવાનને છોડાવવા પરિવારમાં દોડધામ

## ફેક્ટરીના માલિકે યુવાન પર ચોરીનું આળ મુકી બંધક બનાવ્યાનો પરિવારનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતા પરિવારનો પુત્ર છેલ્લા બે વર્ષથી સાઉથ આફ્રિકા નોકરી કરવા માટે ગયો છે. પરંતુ છેલ્લા એક માસથી આ યુવક પર ચોરીનો આરોપ મૂકી તેના માલિકે બંધક બનાવ્યો હોવાની વાત પરિવારજનોને ધ્યાને આવતા અને સોશિયલ મીડિયા થકી વિડીયો પણ મળતા પરિવારજનો ધંધે લાગી ગયા હતા. કહેવાય છે કે કંપની માલિક સાથે વાત કરતા તેણે પહેલા ૮,૦૦૦ ડોલર અને બાદમાં ૨૦,૦૦૦ ડોલર આપવાનું કહી મુક્ત કરવાની વાત કરી હતી. જેથી આગામી સમયમાં મામલો એમ્બેસી સુધી પહોંચાડયો હતો.



આ અંગેની માહિતી મુજબ રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતો જય દિનેશભાઈ કોરિયા નામનો યુવક બે વર્ષ પૂર્વે આફ્રિકા ગયો હતો. જ્યાં તેણે બે વર્ષ સુધી નોકરી કર્યા બાદ રાજકોટના જ લોધિકાના વતની મેહુલ ગોહેલની આફ્રિકાના કિન્શાસા ખાતેની બોરવેલની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી શરૂ કરી હતી. અહીં તે કંપનીના તમામ આર્થિક વહીવટ સંભાળતો હતો અને આ પરિવારના પુત્રનો ફરી એક વિડીયો વાયરલ થયો છે અને તેમાં તેણે બંધક બનાવવાની વાતને નકારી હતી અને તેણે જે નાણાં લીધા હોય જેથી ઓફિસ માલિકે ઘરમાં કામે લગાડયાની સ્પષ્ટતા કરી છે.

આ દરમિયાન કંપનીના હિસાબમાં આઠ હજાર ડોલરની ચૂક થઈ જતાં તેના પર ચોરી કર્યા હોવાનો આરોપ લગાવ્યો હતો અને જૂન મહિનાની ૩જી તારીખથી કંપનીના માલિકે તેને બંધક બનાવીને એક રૂમમાં પૂરી દીધો હતો.

કંપનીના માલિક દ્વારા જ જેને દ્વારા તપાસ કરીને જવાબ આપશે તેવું જણાવ્યા બાદ પણ જય બાબતે કોઈ પ્રત્યુતર આપ્યો નથી. બંધક બનાવ્યા બાદ તેના પરિવારને વિડીયો કોલ કરીને હિસાબમાં ગુમ થયેલી રકમ કે જે ભારતીય ચલણ મુજબ રૂ. ૬.૮૦ લાખ રૂપિયા ચૂકવવાની માંગ કરી હતી. આ બાદ પરિવારજનો દ્વારા ભારતીય એમ્બેસીનો પણ સંપર્ક સાધવામાં આવ્યો હતો. એમ્બેસી આ સમગ્ર ઘટના બાદ જયનો ફરી એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે અને તેમાં તેણે એવો જવાબ આપ્યો છે કે કંપની માલિક દ્વારા તેને બંધક બનાવવામાં આવ્યો નથી પરંતુ તેણે ઓફિસમાંથી ૨૨૫૦૦ ડોલર ઉછીના લીધેલ હોવાથી શેઠ દ્વારા તેને છેલ્લા એક માસથી ઘરના કામમાં લગાડી દેવામાં આવ્યો છે.

# રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેન હેઠળ ઝંપલાવી અજાણ્યા પુરુષનો આપઘાત

## ઘંટેશ્વર પાસે ક્રિષ્નમ હાઈટસના ચોથા માળેથી છલાંગ લગાવી પરિણીતાનો આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ગોંડલ રોડ ચોકડી પાસે રિધ્ધીસિધ્ધી બ્રિજ નીચે ટ્રેન હેઠળ ઝંપલાવી અજાણ્યા પુરુષે આપઘાત કર્યો હોવાનું અને ઘંટેશ્વર કેમ્પ પાસે ક્રિષ્નમ હાઈટસ એપાર્ટમેન્ટના ચોથામાળેથી છલાંગ લગાવી પરિણીતાએ આપઘાત કર્યો હોવા પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ પર રિધ્ધીસિધ્ધીના બ્રિજ પાસેથી રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે કોઈ અજાણ્યા પુરુષે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યો હોવાનું ભક્તિનગર રેલવે સ્ટેશનના માસ્ટર દ્વારા જાણ કરવામાં આવતા ૧૦૮ના ઈએમપી બાબુભાઈ મેર સહિતનો સ્ટાફ દોડી જઈ યુવાનને મૃતક જાહેર કરી આજી ડેમ પોલીસને જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ કે.વી.બાલાસરાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં ઘંટેશ્વર એસઆરપી કેમ્પની સામે વર્ધમાન સોસાયટીની બાજુમાં આવેલ ક્રિષ્નમ હાઈટસ નામના એપાર્ટમેન્ટના રહેતી સંગીતાબેન બેબીપ્રસાદ જોલટ (ઉ.વ.૨૨)નામની પરિણીતાએ કોઈ કારણોસર ચોથામાળેથી છલાંગ લગાવી આપઘાત કરી લીધો હોવાની જાણ ૧૦૮ના ઈએમટી ઘનશ્યામ પરમારે ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસને જાણ કરાતા પીએસઆઈ એન.જે.માસકપુત્રા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ઓનલાઈન છેતરપિંડીનો ભોગબનેલા અરજદારોને પોલીસે નવ લાખથી વધુ રકમ પરત અપાવી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો મોબાઈલ ફોન મારફતે એપ્લિકેશન કે અન્ય કોઈ ટાસ્કમાં જોડાયા બાદ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનતા હોય છે. અને સાઈબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ આપ્યા બાદ પોલીસે શહેરમાં છ અરજદારોને લાખોની રકમ પરત અપાવી છે.

જેમાં રાજકોટ શહેરમાં રહેતા ધર્મિષ્ટભાઈ દિનકરભાઈ ઓજાને મોબાઈલ પર ટેલિગ્રામ એપ્લિકેશન પર ટાસ્ક આપી ટાસ્ટ પૂર્ણ કરવા નામે રૂ.૧૯.૮૨ લાખની ઓનલાઈન છેતરપિંડી થઈ હતી. પોલીસે ટેકનીકલ એનાલીસીસ કરી રૂ.૩.૬૭ લાખ પરત અપાવ્યા હતા. જ્યારે અરજદાર સંજયભાઈ માકડ સાથે રૂપિયા બે લાખની છેતરપિંડી થઈ હતી. જ્યારે કૃપાલ માંડવિયા સાથે રૂ.૯૦ હજારની અને યુનિવર્સિટી રોડ પંચાયત ચોક પાસે રહેતા સચિન સુરેશલાલ શ્રીવાસ્તવ સાથે રૂપિયા ત્રણ લાખની છેતરપિંડી થયાની ફરિયાદ સાઈબર ક્રાઈમમાં નોંધાયા બાદ પોલીસે ભોગ બનનારને નાણાં પરત અપાવ્યા હતા.

# લોઠડા ગામે પરપ્રાંતિય યુવાનનો કારખાનામાં ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોઠડા ગામમાં કારખાનામાં મજુરી કરતા શ્રમિક યુવકને પત્નીએ વતન જવાની ના પાડતા ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી લીધી હતી.બનવા અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ ઉત્તરપ્રદેશનો અને લોઠડા ગામે આવેલા કારખાનામાં રહેતો શશીકાંત બાબારાવ (ઉ. વ.૨૫) નામના યુવકે ઓ રડીના પંખામાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે જાણ થતાં ૧૦૮ તેમજ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ બનાવ સ્થળે દોડી ગયો હતો. ૧૦૮ના તબીબે યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યુ હતું કે,શશીકાંતના એક વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા જે બાદ દંપતિ રોજગારી માટે રાજકોટ આવી ગયું હુંતું યુ હતું. યુવકે વતન જવાની વાત કરતા પત્નીએ ના પાડી હતી જે વાતનું લાગી આવતા યુવકે આ પગલું ભરી લીધું હતુ. પોલીસે યુવકના વતનમાં રહેતા પરિવારને બનાવ અંગે જાણ કરી હતી.

# પૂર્વ ટીપીઓ સાગઠીયાએ મંજુર કરેલા ૧૨ પ્રોજેક્ટ અંગે એસીબીએ તપાસ શરૂ કરી

## સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠિયાએ મલાઈદાર પ્રોજેક્ટ પૈસા લઈ પાસ ર્ક્યા હોવાની આશંકાઃ મોટાગજાના બિલ્ડરો વિરુદ્ધ થઈ શકે છે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સસ્પેન્ડેડ ઝડ્ય સામે અઈઇની તપાસ શરૂ થઇ છે. જેમાં સાગઠીયાએ મંજૂર કરેલા પ્રોજેક્ટની વિગતો મંગાવાઈ છે. તેમાં મોટાગજાના બિલ્ડરો સામે કાર્યવાહી થઈ શકે છે. તેમજ મલાઇદાર પ્રોજેક્ટ પૈસા લઈ પાસ કરાતા હોવાની આશંકા સેવાઈ રહી છે. તથા નિયમ વિરુદ્ધ પાસ થયેલા પ્રોજેક્ટ અંગે તપાસ કરાશે. રાજકોટ TRP ગેમ્સઝોન અગ્નિકાંડ મામલે સસ્પેન્ડ સાગઠીયાએ



મંજૂર કરેલા છેલ્લા ૧૨ વર્ષના = પ્રોજેક્ટની વિગતો એસીબીએ મંગાવી છે. તેમાં આરએમસીની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા પાંચ વર્ષના રેકોર્ડ ઉપલબ્ધ કરાવવા પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં મોટા ગજાના બિલ્ડરોના મલાઈદાર પ્રોજેક્ટ સાગઠીયા ગોલમાલ કરી પાસ કરતો હોવાની અઈઇને આશંકા છે. તેમજ નિયમ વિરુદ્ધ પાસ થયેલા પ્રોજેક્ટ અંગે બિલ્ડરોની પૂછપરછ કરી એસીબી શકે છે.

રાજકોટ ટીઆરપી ગેમઝોનમાં અગ્નિકાંડનો મુખ્ય આરોપી સાગઠીયાને હવે જેલ હવાલે કરાયો છે. જેલમાં સાગઠીયા ટીપીઓ નહીં પરંતુ કેદી નંબર ૨૦૯૬ તરીકે ઓળખાઈ રહ્યો છે. સાગઠીયા પાસેથી પૈસા પડાવવા મામલે જેલની અંદરના કેદી અંગે પણ તપાસ કરાશે. જેલની અંદર સાગઠીયા અને કેદી વચ્ચેની વાતચીતના સીસીટીવીની ચકાસણી કરાશે. ગયા મહિને જ રાજકોટ અગ્નિકાંડમાં RMCના ૪ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સાથે જ કરોડોની બેનામી સંપત્તિના માલિક મનસુખ સાગઠિયાને પણ ફરજ મુક્ત કરી દેવામાં આવ્યો હતો. અગાઉ રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ કેસમાં સંડોવાયેલા સસ્પેન્ડેડ મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. એન્ટીકરપ્શન બ્યુરોએ ફરિયાદ નોંધીને સાગઠીયા સાથે સંકળાયેલ ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં સાગઠીયા પાસેથી ૧૦ કરોડ ૫૫ લાખની વધુની અપ્રમાણસર મિલકત મળી આવી હતી.

# પોરબંદરમાં એસ.પી. કચેરી પાસે નામચીન બુટલેગરની હત્યા

## પરેડાઈઝ ફુવારા નજીક આઠથી દસ શખ્સોએ ઘાતક હથિયારો વડે હુમલો કરી પતાવી દીધોઃ મહિલા સહિતના શખ્સો સામે પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરના પેરેડાઈઝ ફુવારા નજીક કાર લઈને આવેલા કુખ્યાત બુટલેગર સાગર ડબલ્યુ ઉર્ફે સાગર મોતીવરસ પર ૮ થી ૧૦ જેટલા શખ્સોએ ઘાતક હથિયારો વડે હુમલો કરી સરા જાહેર ઢિમ ઢાળી દીધું હતું. બાદમાં આ શખ્સો નાસી છૂટયા હતા. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ કુખ્યાત બુટલેગર સાગરની તેના જ ધંધાથી શખ્સોએ હત્યા કરી હોવાનું મનાઈ રહ્યું છે છતાં પણ કમલાબાગ પોલીસે હત્યારાઓનું પગેરું મેળવવા તપાસ શરૂ કરી છે.



આ અંગેની માહિતી મુજબ શહેરના પેરેડાઈઝ ફુવારા નજીક હત્યાનો બનાવ બન્યો છે. જેમાં સાગર ડબ્લુ નામનો બુટલેગર કારમાં આવ્યો હતો. ત્યાર બાદ કેટલાક શખસોએ તેના ઉપર પ્રાણ ઘાતક હથિયારોના ઘા ઝીંકી હત્યાને અંજામ આપ્યો હતો. એવું પણ કહેવાય છે કે, આઠથી દસ જેટલા શખસોએ આ હુમલો કર્યો હતો. હુમલાખોર પણ બુટલેગર છે તેવું કહેવાય રહ્યું છે, પરંતુ આ બનાવમાં હત્યાનું કારણ હજુ સુધી સ્પષ્ટ જાણી શકાયું નથી. રાત્રિના હત્યાના બનાવ બાદ લોકોના ટોળા પણ ઉમટયા હતા. તો ક્ઈઇ, કમલાબાગ પોલીસ તથા અજ્ઞ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. યુવાનની બોડીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ બનાવવામાં આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# રૈયાધારમાં જુની અદાવતનો ખાર રાખી યુવાન પર મહિલા સહિત પાંચનો હુમલો

## માંડાડુંગરમાં યુવાન પર શખ્સનો પાઈપ વડે હુમલોઃ પગ ભાંગી નાંખ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રજકોટમાં રૈયાધાર વિસ્તારમાં રહેતા યુવક પર જૂની અદાવતનો ખાર રાખી મહિલા સહિત પાંચ શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો. જ્યારે બીજા બનાવમાં માંડા ડુંગર પર સાથે કામ કરવા મુદ્દે યુવકને તેના મિત્રએ જ લોખંડના પાઇપ માર્યા હતા. જ્યારે બંને મામલે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

પ્રથમ બનાવની વિગતો મુજબ રૈયાધારમાં ઇન્દિરાનગર બહુચર પ્રોવીઝન સ્ટોરની સામે રહેતા કૌશલ નીતીનભાઈ મકવાણાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં ગીતા રમેશ સોલંકી, સંગીતા, દીનેશ તલુશી મકવાણા, અજય દીનેશ મકવાણા અને સુનીલ દીનેશભાઈ મકવાણાનું નામ આપતા જણાવ્યું હતુંકે, આરોપી સાથે અગાઉ ઝગડો થયો હતો, જે વાતનો ખાર રાખી ગઇકાલે આરોપી તેના ઘરે ઘસી આવ્યા હતા. અને છરી વડે હુમલો કરી યુવકને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી આ મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ વાય.ડી.ભગતને સોંપી છે.

જ્યારે બીજા બનાવમાં માંડા ડુંગર પર ગોકુલ પાર્કમાં રહેતા વિનુભાઈ બચુભાઈ સરિયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં તેના મિત્ર દિલીપ જમોડનું નામ આપતા જણાવ્યું હતું કે, પોતે તેના ઘર પાસે હતો. ત્યારે આરોપી તેની પાસે ઘસી આવ્યો હતો. અને તું કેમ મહેશ ડાભી સાથે કામ કરે છો અને મારી સાથે કેમ નથી કરતો કહી લોખંડના પાઇપ વાડે માર માર્યો હતો. અને પગમાં ફ્રેક્ચર કરી નાખ્યું હતું. જેથી આ મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો હતો. અને આગળની તપાસ પીએસઆઈ જે.આઈ. પરમાર કરી રહ્યા છે.

# કોઠારીયા ગામે વિદેશી દારૂની ૨૬૪ બોટલ ભરેલી કાર પોલીસને રેઢી મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામે મોરબી એલસીબી ટીમે દરોડો પાડી વિદેશી દારૂ અને બિયર ભરેલી એસેન્ટ કાર સહિતનો ૫.૧૧ લાખનો મુદ્દામાલ કબજે કરી હાજર નહિ મળી આવેલા શખ્સ વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુન્હો રજીસ્ટર કર્યો હતો.






આ અંગેની માહિતી મુજબ તાલુકાના કોઠારીયા ગામે કાળા કુવા સામે આવેલ શેરીમાં વિદેશી દારૂ અને બિયર ભરેલી એસેન્ટ કાર રેઢી હાલતમાં પડી હોવાની બાતમીને આધારે મોરબી એલસીબી ટીમે દરોડો પાડતા બનાવ સ્થળેથી જીજે - ૩૬ - એલ - ૮૨૬૯ નંબરની કાર ચેક કરતા કારમાંથી અલગ અલગ બ્રાન્ડની ૨૬૪ બોટલ દારૂ કિંમત રૂપિયા ૧,૦૧,૮૨૦, ૯૬ નંગ બિયર કિંમત રૂપિયા ૯૬૦૦ મળી આવતા પોલીસે ૪ લાખની કિંમતની એસેન્ટ કાર કબજે કરી બનાવ સ્થળે હાજર નહિ મળી આવેલા આરોપી પૃથ્વીરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલા, રહે. કોઠારીયા પ્લોટ વિસ્તાર, વાંકાનેર વાળા વિરુદ્ધ પ્રોહીબિશન એકટ મુજબ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો.

# વિરપુરમાં મિત્રના ઘરમાં ખાતર પાડનાર શખ્સ ગણતરીની કલાકોમાં ઝડપાયો

## રૂરલ એલસીબી ટીમે ગણતરીની કલાકોમાં કાઠી શખ્સને દબોચી લઈ કાર સહિત રૂા.૧૯.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ખેડૂતના વિરપુર ગામે આવેલા ઘરને નિશાન બનાવી તસ્કરે સ્કોર્પિયો કાર, રોકડ સોનાના ઘરેણાં અને સીસીટીવીના ડીવીઆર મળી રૂ.૧૯.૬૫ લાખની ચોરીને અંજામ આપનારને રૂરલ એલસીબી પોલીસે ગણતરીની કલાકોમાં દબોચી ચોરીનો ભેદ ઉકેલ્યો છે. અને ખેડૂતના ઘરે ચોરી કરનાર તેના પરિચિત વ્યક્તિને દબોચી ચોરીનો મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી કરી છે.




આ અંગેન માતિહી મુજબ મૂળ રાજકોટના અને હાલ વિરપુર ગામે ગંગા નગર વિસ્તારમાં રહેતા અને ખેતી કામ કરતાં સુરેશભાઈ સંજયભાઈ સોલંકીએ ચોરીની નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતાની વરસાઈ જમીન વેચી ભંડારિયા ગામે જમીન અને વિરપુરમાં બે મકાન ખરીદી કર્યા હતા. અને પોતે વીરપુર ગામે રહેતા હતા. અને પોતાની પાસે એક કાળા કલર ની મહીન્દ્રા કંપનીની સ્કોપીયો ગાડી જેના રજી. નં. FJ 03 NK 4501 વાળી છે. ગત તા. ૧૨/૦૭ના રોજ સાંજના આશરે પોણા છએક વાગ્યે તેઓ ઘરને તાળું મારી પોતાની સ્કોપીયો ગાડી તેના ઘરની અંદર ફળીયામાં રાખીને પોતાની પાસે રહેલી પોડી તેના મીત્ર મુનભાઈ લાલુ કાઠી દરબાર સાચવા માટે આપવા જતાં હતા.અને થોડી મૂકીને પરત ઘરે આવ્યા ત્યારે પોતાના ઘરના તાળા તૂટેલા જોવા મળ્યા હતા.અને ? ? ? પોતાની સ્કોર્પિયો કાર પણ ગાયબ હતી. બાદ ઘરમાં જઈ તપાસ કરતાં ઘરની માળીએ રાખેલા રોકડ રૂ.૩.૮૦ લાખ, સોનાના ઘરેણાં જેની કિમત ૫.૭૫ લાખ અને સીસીટીવીના ડીવીઆર ગાયબ મળ્યા હતા. જેથી પોતાના ઘરમાં કુલ ૧૯.૬૫ લાખની ચોરી થયાનું માલૂમ પડતાં વિરપુર પોલીસને જાણ કરી હતી. જેથી આ મામલે રૂરલ એલસીબીનીના પીઆઈ વી.વી. ઓડેદરાની શાહબદારી હેઠળ પીએસઆઈ ડી.જી.બડવાની ટીમે તપાસ કરી કલાકોમાં ચોરીનો નાખ્યો હતો. અને ચોરીને અંજામ આપનાર ખેડૂતના પરિચિત એવા તસ્કરને પકડી પડયો હતો. જ્યારે તસ્કરની પૂછતાછમાં બહાર આવ્યું હતું કે, ખેડૂતના ઘરે પૈસા અને સોનાના દાગીના પડ્યા હોવાની જાણ હતી. પરંતુ ખેડૂત સતત ઘરે રહેતા હોવાથી ચોરીને અંજામ આપી શક્યો ન હતો. પરંતુ ખેડૂત તેના મિત્રને ત્યાં થોડી મૂકવા જતાં હોવાની જાણ થતાં તસ્કરે ચોરીને અંજામ આપ્યો હતો. અને ચોરીનો સમાન તે સ્કોર્પિયો કારમાં નાખીને ભાગી ગયાની કબૂલાત આપી હતી.

# સમાધાન માટે બોલાવી યુવાનો પર જીવલેણ હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલના સોયલ ટોલનાકા પાસે સમાધાન માટે બોલાવીને જામનગરના યુવાન સહિત પર હથીયારોથી હુમલો કરીને જીવલેણ ઇજા પહોચાડયાની બાર શખ્સો સામે ફરીયાદ કરવામાં આવી છે. જેના પગલે પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી લેવા તપાસ આગળ ધપાવવામાં આવી છે.જામનગરના રામેશ્વરનગર માટેલ ચોકમાં રહેતા ફાઇનાન્સનો ધંધો કરતા દિવ્યરાજસિંહ ઉર્ફે દિવુભા મહેન્દ્રસિંહ જેઠવા (ઉ.વ.૩૨) એ ગઇકાલે ધ્રોલ પોલીસમાં રાજકોટના



મયુરાસહ રાણા, વિક્રમાસહ રાણા અને અજાણ્યા ૧૦ થી ૧૨ માણસોની વિરુધ્ધ જુદી જુદી કલમો મુજબ ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદીના માંઢા ગામે રહેતા સગાના પરિવારની પુત્રીને આરોપી મયુરસિંહ હેરાન પરેશાન કરતો હોય અને રાત્રીના બોલેરો પિકઅપ ગાડી લઇ ગામે ઉપાડવા આવેલ હોય જે બાબતે ફરીયાદીને આરોપી વિક્રમસિંહે સમાધાન કરવા માટે સોયલ ટોલનાકે બોલાવ્યા હતા.દરમ્યાન ફરીયાદી તથા સાહેદોને આરોપીઓએ પુર્વ આયોજીત કાવત રચી ગેરકાયદે મંડળી રચી, તલવાર, પાઇપ ધોકા જેવા હથીયારો સાથે અલગ અલગ ફોરવ્હીલ ગાડીમાં સોયલ ટોલનાકા ખાતે આવી ફરીયાદીને મારી નાખવાના ઇરાદે માથામાં તલવારનો ઘા ઝીંકી જીવલેણ ઇજા કરી હતી અને બંને પગ પર ફોરવ્હીલ ગાડી ચડાવી લઇ પગમાં પાઇપ મારી ફ્રેકચર જેવી ઇજા કરી હતી.

સાહેદ ધનરાજસિંહના માથામાં તલવારના બે ઘા મારી જીવલેણ તથા મુંઢ ઇજા, જીતેન્દ્રસિંહને માથામા પાઇપ માર્યો હતો આમ ફરીયાદી તથા સાહેદો પર જીવલેણ હુમલો કરી ફ્રેકચર જેવી ગંભીર ઇજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી દઇ અપશબ્દો કહી એકબીજાને મદદગારી કરી હતી. ફરીયાદના આધારે ધ્રોલના પીએસઆઇ પનારા તપાસ ચલાવી રહયા છે.

# ગોંડલમાં વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી મહિલાને ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં રહેતી મહિલાને પૈસાની તંગી આવતા વ્યાજખોર પાસેથી પોતાનું એક્ટીવા ગીરવે મૂકી ૪૫ હજાર વ્યાજે લીધા હતા. જેની સામે ૭૦ હજાર ચૂકવી દીધા બાદ પણ વ્યાજખોર પૈસાની ઉઘરાણી કરી ધમકીઓ આપતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલમાં ખોડીયાર નગરની હેપ્પી હોમ સોસાયટીમાં રહેતા હિનાબેન જયેશભાઈ પરમારે આરોપીમાં ક્રિષ્ના એન્ટરપ્રાઈજ નામની ઓફીસ ચલાવતા નયન ભરવાડનું નામ આપી ફરીયાદ નોંધાવી છે.જેમાં પોતાને પૈસાની જરૂરિયાત પડતાં તેને નયન ભરવાડ પાસેથી પોતાનું એક્ટિવા ગીરવે મૂકી રૂ.૪૫૫૦૦ વ્યાજે લીધા હતા. અને તેની સામે પોતે કટકે કટકે રૂ.૭૦ હજાર વ્યાજ સહિત ચૂકવી દીધા હતા. છતાં આરોપી મહિલા પાસેથી વધારે વ્યાજ ઉઘરાવવા અવાર નવાર ફોન કરી હેરાનગતિ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાથી અંતે કંટાળી મહીલાએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવા રીંગ રોડ પર પરશુરામ ચોકડી પાસે બુટલેગરના ઘરમાંથી દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

નવા ૧૫૦ રીંગ રોડ પર આવેલ પરશુરામ ચોકડી પાસે બીઆરટીએસ બસ સ્ટોપ સામે રહેતો ખુશાલ હમીર મેરીયા નામના શખ્સે દારૂ-બીયરનો જથ્થો ઉતાર્યો હોવાની હકીક્ત મળતા પીએસઆઈ બી.આર.ભરવાડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ સહિતના સ્ટાફે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા બુટલેગર ખુશાલ મેરીયા હાજર નહીં મળી આવતા પોલીસે તેના રહેણાંક મકાનની તલાશી લેતા વિદેશી દારૂની ૮૪ બોટલ અને ૭૨ બીયરના ટીન મળી આવતા પોલીસે રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબજે લઈ બુટલેગર ખુશાલ હમીર મેરીયાની શોધખોળ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT